# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*******************************************************

1) સંસદના બંને ગૃહમાં કર્ણાટકમાં લઘુમતી જૂથને અનામત આપવા મુદ્દે હોબાળો.
2) કેન્દ્ર સરકારે વર્તમાન અને પૂર્વ સાંસદોના પગાર, દૈનિક ભથ્થા અને પેન્શનમાં વધારો જાહેર કર્યો
3) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું, કેન્દ્ર સરકારે ડુંગળી પરની 20 ટકા નિકાસ જકાત સંપૂર્ણપણે નાબૂદ કરી
4) યુક્રેન સંઘર્ષને ઉકેલવા સાઉદી અરબમાં રશિયા અને અમેરિકાના પ્રતિનિધિઓની વાટાઘાટો શરૂ
5) IPLમાં આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJYASABHA

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારની લઘુમતી જૂથને અનામત આપવા માટે બંધારણમાં સુધારો કરવાના અંગેની કથિત ટિપ્પણી પર હોબાળો થતાં રાજ્યસભાની કાર્યવાહી આખા દિવસ માટે સ્થગિત કરાઇ હતી.

અગાઉ, જ્યારે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સ્પષ્ટતા કરી કે શ્રી શિવકુમારે બંધારણમાં ફેરફાર વિશે કંઈ કહ્યું નથી. તેમણે કહ્યું કે શાસક પક્ષના નેતાઓએ ઘણી વખત બંધારણમાં ફેરફાર કરવાની વાત કરી છે. શ્રી ખડગેએ કહ્યું કે કોંગ્રેસ બંધારણના રક્ષણ માટે છે. ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડાએ કોંગ્રેસ પર શ્રી ખડગેના નિવેદન અંગે ગૃહમાં સત્ય ન બોલવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કર્ણાટકની કોંગ્રેસ સરકારે જાહેર કરારોમાં ધર્મના આધારે ચાર ટકા અનામત આપી છે.

. . . . . . . . . . . . . . . .

# LS-GOVT FORESTS

દેશનો કુલ જંગલ અને વૃક્ષ આવરણ આઠ લાખ 27 હજાર ચોરસ કિલોમીટરથી વધુ છે જે દેશના ભૌગોલિક વિસ્તારના 25 ટકાથી વધુ છે.

આજે લોકસભામાં એક જવાબમાં, પર્યાવરણ, વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું, વર્તમાન મૂલ્યાંકન 2021ના છેલ્લા મૂલ્યાંકનની તુલનામાં જંગલ અને વૃક્ષ આવરણમાં એક હજાર 445 ચોરસ કિલોમીટરથી

વધુનો વધારો દર્શાવે છે. તેમણે જણાવ્યું કે, મંત્રાલય દેશમાં જંગલોના રક્ષણ, સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તકનિકી અને નાણાકીય સહાય પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . . .

## LS-FINANCE BILL

લોકસભામાં નાણાકીય ખરડો 2025 પર ચર્ચા શરૂ થતાં કોંગ્રેસના શશી થરૂરે કહ્યું કે દેશમાં GST વ્યવસ્થા ખૂબ જ જટિલ છે. તેમણે આરોપ લગાવ્યો કે નાની મીઠાઈની દુકાનો 18 ટકા GST ચૂકવી રહી છે પરંતુ HSN કોડની સુસંગત સિસ્ટમના અભાવે તેઓ ઇનપુટ ક્રેડિટ મેળવી શકતા નથી.

શ્રી થરૂરે કહ્યું કે, સરકારને કર ચૂકવતા સામાન્ય માણસ માટે રાહત હોવી જોઈએ. ભાજપના નિશિકાંત દુબેએ કહ્યું કે, આખું વિશ્વ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, પરંતુ ભારત છેલ્લા દસ વર્ષમાં એક ઉજ્જવળ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. શ્રી દુબેએ કહ્યું કે, ઓનલાઈન ગેમિંગના અનિયંત્રિત વૃદ્ધિ પર નજર રાખવા માટે તેના પર 28 ટકા GST લાદવામાં આવ્યો છે.

(બાઇટ: નિશિકાંત દુબે – સંસદ સભ્ય)

. . . . . . . . . . . . . . .

## GOVT-MP SALARY

કેન્દ્ર સરકારે સંસદ વર્તમાન સભ્યો અને ભૂતપૂર્વ સભ્યોના પગાર, દૈનિક ભથ્થા અને પેન્શનમાં વધારો જાહેર કર્યો છે. સંસદ સભ્યોનો માસિક

પગાર એક લાખ રૂપિયાથી વધારીને એક લાખ 24 હજાર રૂપિયા કરવામાં આવ્યો છે. દૈનિક ભથ્થું બે હજાર રૂપિયાથી વધારીને બે હજાર 500 રૂપિયા કરાયું છે જ્યારે હાલના સભ્યો અને ભૂતપૂર્વ સભ્યો માટે માસિક પેન્શન 25 હજાર રૂપિયાથી વધારીને 31 હજાર રૂપિયા કરાયું છે. જે 1 એપ્રિલ 2023થી અમલમાં આવશે.

. . . . . . . . . . . . . . . .

## CHOUHAN - ONION EXPORT

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે કેન્દ્ર સરકારે ડુંગળી પરની 20 ટકા નિકાસ જકાત સંપૂર્ણપણે નાબૂદ કરી છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી ચૌહાણે જણાવ્યું કે હવે ખેડૂતોની ડુંગળી વૈશ્વિક બજારોમાં જકાત મુક્ત પહોંચી શકશે, અને તેમને વધુ સારા ભાવ મળશે.

(બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ )

સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ગયા વર્ષે 13 સપ્ટેમ્બરથી 20 ટકા નિકાસ જકાત લાગુ કરવામાં આવી હતી. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અંદાજ મુજબ, આ વર્ષે રવિ પાકનું ઉત્પાદન, 227 લાખ મેટ્રિક ટન થયું જે  ગયા વર્ષ કરતા 18 ટકા વધુ છે.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## MAHA-ASSEMBLY

મહારાષ્ટ્ર વિધાનસભાએ મહાત્મા જ્યોતિબા ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન આપવા અંગે કેન્દ્ર સરકારને વિનંતી કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો છે. આ ઠરાવ પ્રોટોકોલ મંત્રી જયકુમાર રાવલે રજૂ કર્યો હતો. આ પ્રસંગે બોલતા, ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી છગન ભુજબળે કહ્યું કે આ પુરસ્કાર આપતી વખતે 'મહાત્મા' પદવીનું સન્માન ઓછું ન થવું જોઈએ.

. . . . . . . . . . . . . . .

## JITENDRA TB DAY

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘે નવી દિલ્હીમાં માયકોબેક્ટેરિયમ (ટીબી) ના દસ હજાર આઇસોલેટ્સના જીનોમ સિક્વન્સિંગ પૂર્ણ કરવાની જાહેરાત કરી. ડૉ. સિંહે વિશ્વ ક્ષય દિવસ 2025 નિમિત્તે આ જાહેરાત કરી. રાષ્ટ્રવ્યાપી

પહેલનો હેતુ જીનોમિક્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ટીબીમાં ડ્રગ પ્રતિકારનો સામનો કરવાનો છે. જાહેરાત પછી મીડિયા સાથે વાત કરતા, તેમણે જણાવ્યું કે કે 2025 સુધીમાં દેશને ટીબી મુક્ત બનાવવાનું સરકારનું લક્ષ્ય છે.

(બાઇટ: જિતેન્દ્ર સિંઘ – કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . . . .

## ESIC- EMPLOYEE DATA

જાન્યુઆરી મહિનામાં કર્મચારી રાજ્ય વીમા યોજના-ESIC હેઠળ લગભગ 18 લાખ નવા કર્મચારીઓની નોંધણી કરવામાં આવી છે. આજે જાહેર કરાયેલી ESICની માહીતી મુજબ, મહિના દરમિયાન 27 હજાર 805 નવી સંસ્થાઓને ESI યોજનાના સામાજિક સુરક્ષામાં લાવવામાં આવી હતી, જેનાથી વધુ કામદારો માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત થઈ હતી.

. . . . . . . . . . . . . . .

## US-RUSSIA TALKS

રશિયા અને અમેરિકાના પ્રતિનિધિઓએ સાઉદી અરબના રિયાધમાં યુક્રેન સંઘર્ષને ઉકેલવા માટે વાટાઘાટો શરૂ કરી છે. રશિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ફેડરેશન કાઉન્સિલ કમિટી ઓન ઇન્ટરનેશનલ અફેર્સના વડા ગ્રિગોરી

કારાસિન અને રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસના નિયામકના સલાહકાર સર્ગેઈ બેસેડા કરી રહ્યા છે.

ગઈકાલે યુક્રેનના સંરક્ષણ મંત્રી રુસ્તમ ઉમરોવે જાહેરાત કરી હતી કે અમેરિકા અને યુક્રેનના પ્રતિનિધિમંડળો વચ્ચે રિયાધમાં વાટાઘાટો પૂર્ણ થઈ છે. તેમણે ચર્ચાઓને ફળદાયી ગણાવી હતી, જેમાં ઊર્જા જેવા મુખ્ય વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . .

## US - YEMEN AIRSTRIKES

યમનના હુથી બળવાખોરોના જણાવ્યા અનુસાર, આજે સવારે દેશભરમાં અનેક સ્થળોને નિશાન બનાવતા અમેરિકાના હવાઈ હુમલાઓમાં રાજધાની સનામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 12થી વધુ લોકો ઘાયલ થયા હતા.

અમેરિકન હુમલાનો આજે 10મો દિવસ છે અને અટકવાના કોઈ સંકેત નથી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના આ અભિયાનનો હેતુ બળવાખોર જૂથને નબળો પાડવાનો છે, જેણે દરિયાઈ વેપાર અને ઇઝરાયલને ધમકી આપી છે, સાથે સાથે ઈરાન પર દબાણ પણ લાવ્યું છે.

. . . . . . . . . . . . . . .

## IPL

**આજે આઇપીએલ 2025ની ચોથી મેચ વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે ચાલી રહી છે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.**

**છેલ્લા અહેવાલ પ્રમાણે લખનઉ સુપર જાયન્ટ્સના 6 ઓવરમાં 1 વિકેટે 64 રન થયા છે.**

. . . . . . . . . . . . . . .

## J&K-MILITANCY

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો અંત લોકોના સમર્થન વિના શક્ય નથી.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમની સરકાર કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષાની સ્થિતિ શાંતિપૂર્ણ રહે તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને સમર્થન આપી રહી છે. શ્રી અબ્દુલ્લાએ કહ્યું કે, સુરક્ષા સીધી રાજ્યની જવાબદારી નથી, પરંતુ ચૂંટાયેલી સરકાર પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા અને શાંતિ જાળવવા માટે ઉપરાજ્યપાલને ટેકો આપી રહી છે.

. . . . . . . . . . . . . . .

## UP-CM ADDRESS

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, ઉત્તર પ્રદેશ છેલ્લા 8 વર્ષમાં દેશના આર્થિક વિકાસના ગ્રોથ એન્જિન તરીકે ઉભરી આવ્યું છે. તેઓ

રાજ્યમાં તેમની સરકારના 8 વર્ષ પૂર્ણ થવા પર મીડિયાને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ સમર્થન આપવા બદલ રાજ્યના 25 કરોડ લોકોનો આભાર માન્યો હતો. સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા શ્રી આદિત્યનાથે કહ્યું, ઉત્તરપ્રદેશે કાયદો અને વ્યવસ્થામાં મોટી છલાંગ લગાવી છે અને પ્રયાગરાજનો મહાકુંભ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. તેમણે જણાવ્યું, શેરડીના ખેડૂતોને વર્ષ 2017થી અત્યાર સુધીમાં 2 લાખ 80 હજાર કરોડ રૂપિયાથી વધુની ચૂકવણી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .